ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક : મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર : ડો. બીનાબેન પટેલ , તરીખ : ૩૧-૦૮-૨૦૨૫,રવિવાર

**લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી, મેટ્રો સીટી , અને ગાંધીનગર મેટ્રો**

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને લાયન્સ ક્લબ , મેટ્રો સીટી , ગાંધીનગર મેટ્રોના સંયુક્ત પ્રયાસો થી સનરાઈઝ ઓક્સિજન પાર્કનો નામ અનાવરણ પ્રોગ્રામ યોજાયો.























તા 30/8/25 શનિવાર ના રોજ સવારે ગાંધીનગર સેક્ટર – 2 ખાતે લાયન્સ સનરાઈઝ ઓક્સિજન પાર્કનું ઉદઘાટન કરવામાં આવ્યું.ગાંધીનગર સેક્ટર 2 બાલા હનુમાન મંદિર ખાતે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી , મેટ્રો સીટી , ગાંધીનગર મેટ્રોના સંયુક્ત ઉપક્રમે સંચાલિત લાયન્સ સનરાઈઝ ઓક્સિજન પાર્કનું ઉદઘાટન સમારંભ સ્થાનિક રહીશો સાથે યોજવામાં આવ્યો હતો.

સમારંભનો આરંભ સવારે 9 વાગ્યે થયો, જ્યાં સ્વાગત પ્રવચન મેટ્રો ગ્રૂપના ચેરમેન અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સિટીના પ્રેસિડેન્ટ ડૉ. બીનાબેન પટેલે આપ્યું. તેમણે લાયન્સ સનરાઈઝ ઓક્સિજન પાર્કની વિશેષતાઓ રજૂ કરતા જણાવ્યું કે આ પાર્કમાં આશરે 3,000થી વધુ વૃક્ષારોપણ સાથે તેની સુવ્યવસ્થિત જાળવણી કરવામાં આવશે. સાથે જ જનહિતને ધ્યાનમાં રાખીને અહીં સિનિયર સિટીઝન સિટિંગ ઝોન, બાળકો માટે પ્લે એરિયા, જોગિંગ ટ્રેક અને યોગા-મેડિટેશન ઝોન જેવી અનોખી અને ઉપયોગી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. લાયન્સ ઈન્ટરનેશનલના સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી મનોજભાઈ શાહએ પોતાનાં વક્તવ્યમાં વૃક્ષોનું જતન કરવું વધુ જરૂરી છે. તેમજ ટીમ વર્ક સાથે દરેક કાર્ય સરળ બને છે એવું જણાવ્યું.ધારાસભ્ય શ્રી રીટા બહેને પર્યાવરણ બચાવવું ખુબ જરૂરી છે એવું ભારપૂર્વક જણાવ્યું. ડિસ્ટ્રિક્ટ ગવર્નર (3232-B3) શ્રી હિરેનભાઈ મેવાડા સનરાઈઝ ઓક્સિજન પાર્કનું અવલોકન કર્યું.ત્યાર બાદ ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ દ્વારા રિબિન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું

આ સમારંભમાં અતિથી વિશેષ તરીકે શ્રી આશીષભાઈ દવે ગાંધીનગર શહેર ભાજપા પ્રમુખ, શ્રી અનિલભાઈ પટેલ ગાંધીનગર જિલ્લા ભાજપા પ્રમુખ , શ્રી ગૌરાંગભાઈ વ્યાસ ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી , શ્રી રાજુભાઈ પટેલ ચેરમેન બાંધકામ કમિટી , ડૉ સંકેતભાઈ પંચસરા કોર્પોરેટર વોર્ડ નંબર ૧, શ્રીમતી શૈલા બેન પટેલ કોર્પોરેટર વોર્ડ નંબર ૧ ખાસ ઉપસ્થીત રહ્યા હતા.

આ સમારંભમાં શ્રી એલ. કે. વાઘેલા વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, શ્રી મુકેશભાઈ પટેલ પાસ્ટ પ્રેસિડેન્ટ અને ડિસ્ટ્રિક્ટ ચેરમેન , શ્રી દેવજીભાઈ પટેલ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, શ્રી જે જે મેવાડા સીટી ક્લબ ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ, ડૉ બીનાબેન પટેલ પ્રેસિડેન્ટ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી ,શ્રી દિવ્યાંગ મેવાડા પ્રેસિડેન્ટ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ મેટ્રો સીટી, શ્રી રાજુભાઈ પટેલ પ્રેસિડેન્ટ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર મેટ્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ સનરાઈઝ ઓક્સિજન પાર્કના પ્રોજેક્ટ કમિટીના સભ્યો મહેન્દ્રભાઈ પટેલ, ઋષિભાઈ પટેલ અને અજયભાઈ પટેલ દ્વારા કાર્યક્રમની સુઆયોજિત કરવામાં આવ્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર





આજે જન્માષ્ટમી ના પાવન પર્વ એ માવતર વૃદ્ધાશ્રમ કલોલ ખાતે વડીલોને ફળાહાર નું જમણવાર નું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમ ના અનિલભાઈ ગજ્જર,રાજુભાઈ ગજ્જર,પ્રદીપભાઈ ગજ્જર એ એમના દાદા ની પુણ્યતિથિ પર ફુડ ફોર હંગર નો કાર્યક્રમ નુ આયોજન કર્યું હતું.શ્રાવણ માસ માં વડીલો ના ખૂબ આશીર્વાદ મળ્યા.અને વડીલો ખૂબ જ પ્રેમથી જમ્યા ખુશ થયા.આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યા તે બદલ આપ સૌની ખૂબ ખૂબ આભાર □1. લા. કે. પી.પ્રજાપતિ સર2. લા.અનિલભાઈ જયસિંગાની.3. લા. મીનાક્ષીબેન જ્યસિંગા ની 4. લા.કોકિલાબેન પ્રજાપતિ.5. લા.પ્રીતિ શર્મા.6. લા.અનિલભાઈ ગજ્જર.7. લા. સનીભાઈ ગજ્જર.8. લા.રાજેન્દ્રભાઈ ગજ્જર.9. લા.પ્રદીપભાઈ ગજ્જર.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ ફેમિના





લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ ફેમિનાએ ૧૮ ઓગસ્ટના રોજ જન્માષ્ટમી પર્વની ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવણી કરી. પરંપરાગત પોશાક પહેરેલા બધા સભ્યોએ રાધા-કૃષ્ણના રૂપમાં સુંદર પ્રદર્શન કર્યું. ભજન, રમતો અને રંગબેરંગી પ્રવૃત્તિઓએ વાતાવરણને ભક્તિ અને ઉત્સાહથી ભરી દીધું. ભેટની આપ-લે અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ દરેકને જોડીને આ દિવસને યાદગાર બનાવ્યો. આ કાર્યક્રમ ટીમની એકતા અને ઉત્સાહનું પ્રતીક હતો.

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા




ધનસુરા કેળવણી મંડળ ની સંસ્થા આર.એસ.વી.જી.પટેલ ગર્લ્સ હાઈસ્કુલ માં ધોરણ 10 માં અભ્યાસ કરતા બાળકો માટે ગણિત વિષય ની પ્રશ્ન બેંક નું પુસ્તક ગુજરાત રાજ્ય પારિતોષિક એવોર્ડ એનાયત થયેલ તેવા શ્રી મનોજભાઈ ઉપાધ્યાય દ્વારા પ્રકાશિત કરવા માં આવેલ છે જે ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલમાં બાળાઓને વિતરણ કરવા માં આવ્યું જેમાં લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ઝોન ચેરમેન પરેશભાઈ શાહ, લાયન્સ ડીસ્ટ્રીક ચેરમેન પ્રવીણભાઈ ચૌહાણ, લાયન્સ પ્રમુખ નિરવભાઈ ચૌહાણ, લાયન્સ મંત્રી અરવિંદભાઈ પ્રણામી, લાયન્સ ઉપપ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાય, ધનસુરા કેળવણી મંડળના મંત્રી શ્રી ધીરુભાઈ, ગોવિંદભાઈ, સહમંત્રી હસમુખભાઈ, શાળાના આચાર્ય દક્ષાબેન, તેમજ સ્ટાફગણ અને ખૂબ મોટી સંખ્યામાં બાલિકાઓ રહ્યા હતા. લાયન્સ ક્લબ મોડાસા અને શ્રી મનોજભાઈ ઉપાધ્યાય દ્વારા ધોરણ 10 અભ્યાસ કરતી બાળાઓને 200 પુસ્તક ગણિત વિષયનું પ્રશ્ન બેંક વિતરણ કરવામાં આવ્યું અંદાજે 20,000 રૂપિયા પુસ્તકો નું દાન મનોજભાઈ દ્વારા કરવામાં આવ્યું. મોડાસા લાયન્સ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ





આજરોજ તારીખ 27 ઓગસ્ટ 2025 બુધવારના રોજ બપોરે 3:00 વાગે જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ અંકુર રોડ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ કોર્ટના માધ્યમથી ગણેશ મહોત્સવ ઉજવણી અન્વયે ગણપતિ દાદા ની મૂર્તિની સ્થાપનાનો પ્રોગ્રામ આરતી ભજન તથા પ્રસાદ વિતરણ પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન તરીકે પાસ્ટ ડિસ્ટ્રીક ગવર્નર લાયન રસિકભાઈ પટેલે ઉપસ્થિત રહીને ગણેશ સ્થાપન તથા આરતી નો લાભ લીધો હતો.આ સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સુંદર રીતે આયોજન અને સંચાલન લાયન ડિમ્પલબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું આપણી લાયન્સ ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ lion નિશિથભાઈ મહેતા ના જન્મદિવસની ઉજવણી પણ આ કાર્યક્રમમાં ખૂબ ધામધૂમથી કરવામાં આવી. લાયન્સ ક્લબ અમદાવાદ ફોર્ટના ઘણા બધા લાયન મિત્રો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## લાયન્સ ક્લબ ઓફ સરસપુર





જી. ખેડા ખાતે દાતાશ્રી ગં.સ્વ.જ્યોત્સનાબેન પ્રહલાદભાઈ પટેલ દેવડાવાળા પરિવાર હસ્તે:સુપુત્રો શ્રી શનીભાઈ તથા શ્રી રવિભાઈ તરફથી આંગણવાડી થી ધોરણ 8 ના 334 વિદ્યાર્થીઓને જય રણછોડ મિત્ર મંડળ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ સરસપુરના સંયોજનથી ભોજનમાટેની કાયમી સુવિધા માટે સ્ટીલની 334 નંગ ડીસોનુ વિતરણ કરી ધન્યતા અનુભવીએ છીએ

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર

### વસાહતી સેવા મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન







તા.15/8/2025 લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર અને વસાહતી સેવા મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું તેમાં સરગાસણ તથા કુડાસણ ખાતે 21 યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું.કેમ્પ દરમિયાન લા.સન્નીભાઈ ગજ્જર,લા.પી.પી.મૌલિકભાઈ ચૌધરી બ્લડ ડોનેટ કરીને કેમ્પ ને સફળ બનાવવા માં ખૂબ મદદ કરીલા. સન્નીભાઈ ગજ્જર અને લા.મૌલિકભાઈ ચૌધરી આપનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.સૌ સભ્ય શ્રી ઉપસ્થિત રહ્યા તે બદલ આપનો આભાર.

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ




આજ રોજ તારીખ 24/08/2025 રવિવાર,મહાવીર જયંતી ના શુભ દિવસે ક્લબ ના વડીલ શ્રી. મહેન્દ્રભાઈ શાહ તરફ થી શ્રી કસ્તુરબા ગાંધી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી શૈક્ષણિક સંકુલ, રાણીપ, ઑફ રાધાસ્વામી રોડ. શાળા મા ભણતા અને રહેતા 135 વિદ્યાર્થી ને સ્વીટ અને ફરસાણ સાથે ફુલ ભાણુ જમાડયુ હતુ.આ ખૂબ ખૂબ જરૂરીયાતમંદ લોકો ને ભોજન કરાવી સેવાકીય કાર્ય પૂર્ણ કર્યુ.આ સેવાકીય કાર્ય માં શાહીબાગ લાયન્સ ક્લબ શાહીબાગ ના શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી રસમીકાંતભાઈ શાહ, પિયુષ ભાઈ મસર, ડૉ ચિરાગ શાહ,નીલમભાઈ ભાવસાર, સોનલબેન શાહ, મીનાબેન મસર, હેતલ શાહ હાજર રહેલ, લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ ,શ્રી મહેન્દ્રભાઈ શાહ અને તેમના ફેમિલી તથા હાજર લાયન સભ્યો નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. આ સેવાકીય કાર્ય માં શ્રી મહેન્દ્રભાઈ શાહ તરફ થી 10000/- નુ અનુદાન બદલ લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.પિયુષ ભાઈ મસર ની દીકરી તરફ થી બિસ્કિટ, ચવાણા ના પેકેટસ દરેક વિદ્યાર્થી ને અને 5 કીલો ખાંડ રસોઈ મા અનુદાન બદલ આભાર